


*Review Paper*

# ભારતીય સંસ્કૃતિના ઉદાત્તતત્ત્વોને મૂલવતી કેટલીક ગુજરાતી નવલકથાઓ

**Aziz Ibrahim Chhrecha**[1*]

[1]Ph.D. Scholar, Department of Arts in Gujarati, Hemchandrachry North Gujarat University, Patan, Gujarat, India

**Corresponding Author:** * **Aziz Ibrahim Chhrecha**

**DOI:** https://doi.org/10.5281/zenodo.11396307

**Abstract**

ભારતીયતા એટલે શું? એ વાત હમણાં ખૂબ ચર્ચાનો વિષય બની છે.પણ ભારતીયતા સમજવા અને એના ઊંડા તાગ મેળવવા આપણે જવું પડે ભારતીય મૂલ્યોને જાણતા અને સમજતા તેમજ પોતાના સાહિત્ય સર્જનમાં ઝીલતા સર્જકો પાસે. અહીં એવા ગુજરાતી સાહિત્યની કેટલીક ચિરંજીવ એવી નવલકથાઓ વિશે વાત આલેખી છે જેને કોઈ પણ અભારતીય પણ કદાચ વાંચે તો કહી ઉઠે કે આ કૃતિ ભારતીય છે.કારણ તેમાં નિરૂપિત મૂલ્યો અને તત્ત્વો. એવા ઉદાત્ત તત્વોની વાત અહીં રજૂ કરી છે.

**Manuscript Information**

- **ISSN No:** 2583-7397
- **Received:** 19-04-2024
- **Accepted:** 22-05-2024
- **Published:** 30-05-2024
- **IJCRM:**3(3); 2024:47-52
- **©2024, All Rights Reserved**
- **Plagiarism Checked:** Yes
- **Peer Review Process:** Yes

**How to Cite this Manuscript**

**Aziz Ibrahim Chhrecha**. ભારતીય સંસ્કૃતિના ઉદાત્તતત્ત્વોને મૂલવતી કેટલીક ગુજરાતી નવલકથાઓ. International Journal of Contemporary Research in Multidisciplinary.2024; 3(3): 47-52.

**KEYWORDS:** ભારતીયતા, મૂલ્યો, સાહિત્ય, નવલકથા, તત્ત્વો

## INTRODUCTION

'રાષ્ટ્ર' અને 'રાષ્ટ્રીયતા'ના ઉલ્લેખો સંસ્કૃત સાહિત્યમાં મળે છે ખરા પરંતુ વસ્તુતઃ આ ખ્યાલ પૂર્ણપણે અર્વાચીન સમયની નીપજ છે. ભારતમાં જ નહીં વિશ્વના ઇતિહાસ સંદર્ભે પણ રાષ્ટ્રીયતાનો ઇતિહાસ ઠીક ઠીક વિસ્તરેલો જોવા મળે છે. 'The idea of nationalism' માં હાન્સ કોહન રાષ્ટ્રીયતાના ખ્યાલના ઉદ્દભવનો સમય અઢારમી સદીના ઉત્તરાર્ધમાં દર્શાવે છે. જ્હોન સ્ટુઅર્ટ મીલ રાષ્ટ્રીયતાનું મૂળ સોળમી શતાબ્દીમાં વિશૃંખલ ઈટાલીમાં સાર્વત્રિક ઐક્ય સ્થાપવાનો પ્રયાસ કરનાર મેકાઈવેલીની પ્રવૃત્તિમાં જુએ છે. તો જી. પી. ગુચ 'રાષ્ટ્રીયતા'ને ફ્રાન્સની રાજ્યક્રાન્તિના સંતાન તરીકે ઓળખાવે છે. જી પી ગુચ જ નહીં અનેક વિદ્વાનોએ ફ્રાંસની રાજ્યક્રાન્તિનો 'રાષ્ટ્રિયતા'ની ભાવનાના વ્યાપક, પ્રબળ અને વિશ્વવ્યાપી અસર જન્માવનારા આવિષ્કાર રૂપે નિર્વિવાદપણે સ્વીકાર કર્યો છે.

હિમાલયથી લઈને અનેક ભૌગાલિક, સાંપ્રદાયિક, ભાષાકીય વૈવિધ્ય ધરાવતા ભારતદેશમાં યુરોપ પ્રેરિત પ્રભાવિત રાષ્ટ્રીયતાનો ખ્યાલ વિકસ્યો તે પહેલાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશાટન કરનારા સાધુસંતો તેમજ કૃષ્ણભક્તિના વ્યાપક


© 2024 અઝીઝ ઈબ્રાહીમ છરેચા. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND). https://creativecommons.org/licenses/by/4.0/

જુવાળ દ્વારા એકાત્મતાનું સૂત્ર રચાયું હતું. પરંતુ આજે આપણને ‘રાષ્ટ્રીયતા’નો જે ખ્યાલ નિહિત છે તે તો અંગ્રેજોના આગમન પછી જ, તેમના દમન અને શોષણ, શિક્ષણ અને સાહિત્ય તથા સમગ્ર ભારતને એક ચક્ર નીચે લાવનારી એમની રાજ્યસત્તાને કારણે જ પ્રાદુર્ભાવ પામ્યો છે. ઈ.સ. ૧૮૫૭ની નિષ્ફળ ક્રાન્તિ તથા ત્યાર પછીનો નવ દાયકાનો આઝાદી માટેનો પ્રખર જંગ એક બાજુ દેશને પરાધીનતાની બેડીઓ તોડવા સંગઠિત બનવા પ્રેરે છે તો બીજી બાજુ પાશ્ચાત્ય સાહિત્ય અને સંસ્કૃતિનો પ્રભાવ સામાજિક ધાર્મિક સુધારણાના માર્ગે દેશને સુદૃઢ બનવા પ્રેરે છે. જેના ફલસ્વરૂપે ભારતમાં રાષ્ટ્રીયતાની ભાવનાનું આવિષ્કરણ અને દ્રઢિકરણ થાય છે.

ગુજરાતી ભાષાને ‘દેશાભિમાન’ શબ્દ આપનાર નર્મદ અને તેના સમકાલીન કવિઓ પાસેથી મળેલી કવિતામાં 'રાષ્ટ્રીયતા'નો ખ્યાલ ધૂંધળો અને કૈક સપાટી પરનો જણાય છે. પંડિતયુગમાં અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના અભ્યાસી વિદ્વાન સર્જકો દ્વારા 'રાષ્ટ્રીયતા'ની ભાવનાનું સમજપૂર્વકનું અને તુલનાએ ઊડાણભર્યું નિરૂપણ થાય છે. પરંતુ ગુજરાતીમાં રાષ્ટ્રીયતાની ભાવનાનો ચરમોત્કર્ષ તો સિદ્ધ થયો છે ગાંધીયુગની અને તે પછીની કૃતિઓમાં.

ડૉ. નરેશ વેદ સાંસ્કૃતિક મૂલ્યનિષ્ઠાને કેન્દ્રમાં રાખીને ગુજરાતી નવલકથાને તપાસે છે. લખે છેઃ ‘ગોવર્ધનરામ અને મુનશી પછી ગુજરાતને મનુભાઈ પંચોળી ‘દર્શક’માં ત્રીજો એવો નવલકથાકાર મળ્યો જે નવલકથા લેખન માત્ર મનોરંજનના ઉદ્દેશથી નહી પણ ગંભીર અને ઉદાત્ત આશય સાથે કરતો હોય. જેનો ચિત્કોષ ભારતીય દર્શનો, શાસ્ત્રો અને પ્રશિષ્ટ ગ્રંથોથી ઘડાયો હોય અને જેનો ભાવતંતુ ભારતીય દર્શનો, શાસ્ત્રો અને પ્રશિષ્ટ ગ્રંથોથી ઘડાયો હોય અને જેનો ભાવતંતુ ભારતીય આદર્શો અને મૂલ્યો Indian idels and values સાથે સંકળાયેલો હોય.' શ્રી દર્શક પ્રત્યેના એમના સમાદરના ભાગીદાર થઇ શકાય એમ છે. ગાંધીયુગની પેઢી તથા  તેની અનુગામી પેઢીના વાચકોની સાંસ્કૃતિક દૃષ્ટિ કેળવવામાં દર્શકની સર્જનાત્મક અને ચિંતનાત્મક કૃતિઓનો ફાળો છે. ઉમાશંકરની જેમ દર્શકના આરાધ્ય લેખકો માત્ર વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ અને રવીન્દ્રનાથ છે. એ જ ઊંચા લક્ષ્ય સાથે દર્શકે લખ્યું છે, પુરાતનનું નવું અર્થઘટન કરી એમાં રહેલા સનાતનને પ્રસ્તુત બનાવ્યું છે.

આ રીતે જોતાં લાગે છે કે રાષ્ટ્રવાદ અને ભારતીય સંસ્કૃતિ એ બે મુદ્દાઓને સાંકળીને વાત કરવા ઇચ્છતા હોઈએ તો આપણે રાષ્ટ્રીય ચેતના (National Consciousness), રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષા (National aspiration) અને નિજવાદ અથવા દેશીયતાવાદ (naivism) ની વાત કરવી જોઈએ. સન ૧૯૪૭ પછીના ગુજરાતી નવલકથાકારોએ પોતાની નવલકથાઓમાં આપણા પોતાના રાષ્ટ્રીય અને એતદ્ દેશીય (indigenous) એવા કયા મુદ્દાઓ લઈને લેખન કર્યું, એની તપાસ આપણે કરવી જોઈએ. એક પ્રજા તરીકે આ રાષ્ટ્રની પ્રજાના ક્યાં ક્યાં સંવેદનો, પ્રશ્નો, સંઘર્ષો, સંક્ષોભો અને સ્વપ્નો આ સમયગાળામાં રહ્યાં. એ પરત્વે આ નવલકથાકારોએ કેવી અભિમુખતા દાખવી, પોતાની કૃતિઓમાં ભારતીય પ્રજાની અસલિયત પ્રગટ કરે એવાં કયાં વર્ણ્ય વિષયો અને કથાનકોની સભાનતાથી વરણી કરી એમને કેવું કળારૂપ આપ્યું એની તપાસ કરવી જરૂરી બને.

શહેરીકરણ અને યંત્રીકરણને કારણે આજનો ભારતીય યુવાન જે રીતે વતન અને સ્વજનથી ઘર-ખેતરથી, કુદરત અને સમાજથી કપાઈને વેગળો અને અતડો થતો જાય છે એ આપણા દેશ અને કાળની એક ઘેરી સમસ્યા છે. કાળબળના પ્રભાવથી કશું અસ્પૃષ્ટ અને અફર રહી શકતું નથી. એનો ઓછાયો પડતાં માનવસંબંધો અને વ્યવહારોમાં ઘણું બધું પરિવર્તન આવી જાય છે. આવા મહાપ્રતાપી કાળબળના પ્રભાવે દેશની આઝાદી પછીનાં પચ્ચીસ વર્ષ દરમ્યાન ગામડાંઓ અને કસબાઓમાં વસતી ભારતીય પ્રજાજીવનમાં સામાજિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક સ્તરે જે પરિવર્તન આવ્યું છે, જીવનના તાલ તરાહ અને ગતિમાં જે ફેર પડ્યો છે એ દર્શાવવાના હેતુથી રઘુવીર ચૌધરીએ ‘ઉપરવાસ’ કથાત્રયી લેખે છે. એનું સ્વરૂપ અને કાળખંડ કથાકીય છે. એમાં પોતાની નહી, વતનની આત્મકથા રજૂ કરવાનો લેખકનો ઇરાદો છે, જ્યાં જન્મી, એની ધરતીની ધૂળમાં રમીરખડી ઊછરીને મોટા થયા એ વહાલા વતનની -ભૂમિથી નોકરી, વ્યવસાય કે શિક્ષણને કારણે દૂર વસવું પડે છે એ જેમ પીડાજનક ઘટના છે તેમ વર્ષો સુધી બહાર રહ્યા પછી પરત ત્યાં જઈને સમાયોજન સાધી ન શકવાનો પરિતાપ પણ છે. આમ કંઇ રીતે ? તો નવલકથાના નિવેદનમાં લેખક પોતે કહે છે, ‘વતનની માયાની વાત છે. એનાથી વિખૂટા પડવાની જ નહીં, ત્યાં જઈને અતડા રહેવાની વ્યથા પણ છે. ' આઝાદી પછીનો ભારતીય સમાજ જે સંવેદનાઓ અને સમસ્યાઓનો અનુભવ કરી રહ્યો છે તેનો એમાં ચિતાર છે. એમાં આમ તો અનેક લોકોની વાત છે, પણ મુખ્યત્વે પીથુ ભગત અને કરસન મુખીના બે કુટુંઓની ત્રણ પેઢીની કથા એવી રીતે કહેવાઈ છે કે એના વડે કરવટ બદલતા ભારતીય સમાજની જીવંત છબી ઊપસે અને એમાં નિમિત્તભૂત બનતાં પરિબળોના બલાબલની મીમાંસા થાય. લોકજીવનના વિઘટન અને વિચ્છેદની પ્રક્રિયામાં


© 2024 અઝીઝ ઈબ્રાહીમ છરેચા. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND). https://creativecommons.org/licenses/by/4.0/

સંડોવતા મનુષ્યોની એકલતાની અને વિચ્છિન્નતાની સંવેદનાઓ વ્યક્ત કરીને એમાં યુગચેતનાને સાકાર કરવાનો મહત્ત્વાકાંક્ષી અને સફળ પુરુષાર્થ થયો છે. વતનની માયા અને તેના માટેના તલસાટના વૃત્તાંતમાં અનુઆધુનિકતાવાદી વલણનો સંકેત પણ પરખાય છે.

'ઇચ્છાવર' (૧૯૮૭) નવલકથામાં લેખકના બે આશય કળાય છે. એક તો મૂળ કર્તવ્ય ચૂકીને સત્તા, સંપત્તિ અને વિલાસનાં કેન્દ્રરૂપે વિકસી માયામંદિરોમાં ફેરવાઈ ગયેલ આપણી ધર્મસંસ્થા અને મંદિરો સામે ફરિયાદ તથા છૂતાછૂતના ભેદો નષ્ટ કરી મનુષ્ય મનુષ્ય વચ્ચે સમાનતા અને બંધુતા સ્થાપવાના કર્તવ્યમાંથી ચ્યુત થયેલા આપણા ધર્મ અને સમાજના ધુરીણો સામે ફરિયાદ. આઝાદી મેળવ્યા પછી જે કામ આપણે ઝડપથી કરવું જોઈતું હતું તેમાં જ આપણે પાછળ રહી ગયા એનાં મૂળમાં આ બે કારણો, લોકોને નીતિ, સદાચાર, નિર્ભયતા અને આત્મોન્નતિનું શિક્ષણ આપતી ધર્મસંસ્થા દ્વારા મજબૂત સમાજ- ઘડતર - આ બે કામો કરવામાં આપણે પાછા પડ્યા છીએ, એ હકીકત છે. ચતુર ગોસાઈ, પૂનમ, મંગળ અને કમુનાં ચાર કુટુંબોની વાત માંડીને લેખકે આ હકીકતની સર્જનાત્મક ભૂમિકાએ સમીક્ષા કરી છે. અછૂત પૂનમના શરીરને ભોગવાય પણ એના હાથનું અડકેલું પાણી ન પીવાય ! એને મંદિરમાં પ્રવેશ અને દર્શનનો અધિકાર ન અપાય ! ગામડા ગામના ભોળા લોકોનાં આસ્થા, આશ્રય અને આશ્વાસનના ધામ સમાં ધર્મમંદિરને ચતુર ગોસાઈ જર, જમીન અને જોરુ મેળવી ધીરધાર અને ભોગવિલાસના કેન્દ્રમાં પરિવર્તિત કરી માયામંદિરરૂપે વિકસાવે ! ગામના નવશિક્ષિત અને સાચદિલ યુવકો માયામંદિરનો વિરોધ કરી અન્ય મંદિર ઊભું કરે, ચતુર ગોસાઈ માયામંદિરમાં પડેલી તિરાડને ઢાંકવા સંતાડવાના ઘણા યુક્તિ પ્રયત્નો કરે પણ કાચા બાંધકામને કારણે એ તિરાડ મોટી થતી જ રહે અને મંદિર તૂટી પડે છે. મંદિરમાં પડેલી તિરાડના કેન્દ્રીય પ્રતીક પાસેથી લેખકે ધાર્યું કામ લીધું છે. આપણા સમાજનું બાંધકામ પણ કાચું રહી ગયું છે. નહીંતર આઝાદ થયા પછી પચાસ વર્ષીય આ સમસ્યાઓ હજુ ઊભી ન હોત. વ્યક્તિઘડતર દ્વારા સમાજ અને રાષ્ટ્રઘડતર કરવાનો ભારતીય આદર્શ આપી ચૂક્યા છીએ અને એનાં માઠાં પરિણામો ભોગવી રહ્યાં છીએ એનો ખ્યાલ આ કથાથી લેખકે આપ્યો છે.

'સોમતીર્થ' (૧૯૯૭) પણ 'ઇચ્છાવર'ની માફક મંદિરધ્વંસની કથા છે. અગિયારમી સદીમાં ગઝની મુસ્લિમ પાદશાહ મહમૂદ આખા રાષ્ટ્રને વીંધીને કાઠિયાવાડને છેક દરિયાકાંઠે આવેલા હિંદુના પવિત્ર તીર્થધામરૂપ સોમનાથના મંદિરને તોડી અને લૂંટી ગયેલો. સોમનાથનું પતન થયું એ વખતે આપણી પ્રજાની સંકુચિત દ્રષ્ટિ અને એ વખતના દેશી રજવાડાંઓના માંહોમાંહના કુસંપને કારણે એ ઘટના બની હતી. હજાર વર્ષે ફરી એવી ઘટના બની એનાં મૂળમાં પણ પ્રજાની સંકુચિત સાંપ્રદાયિક મનોદશા અને રાજકારણીઓના દુરાગ્રહો જ મુખ્ય કારણરૂપ હોઈ શકે. આ દેશમાં હિન્દુ અને મુસ્લિમ પ્રજા સદીઓથી સંપીજંપીને જ રહેતી હતી. મુસ્લિમ પ્રજાની જીવનશૈલીના વિકાસમાં હિન્દુઓનો ફાળો ઘણો મોટો હતો, તેમ હિન્દુસંસ્કૃતિના વિકાસમાં મુસ્લિમ ફકીરો અને ઓલિયાઓનું યોગદાન પણ કાંઈ નગણ્ય ન હતું. પણ પોતાની સત્તાભૂખ સંતોષવા હીનકક્ષાના ઉપાયો અજમાવતા આઝાદી પછીના આપણા રાજકારણીઓ દ્વારા જે ખેલ ખેલાય છે એનાથી દેશના વિવિધ પ્રજાવર્ગોમાં દિનપ્રતિદિન સ્નેહ અને વિશ્વાસની કટોકટી પેદા થતી જાય છે. આપણા રાષ્ટ્રને આપણે અખંડ અને સુરક્ષિત રાખવું હશે અને પ્રજાને સુખી અને સલામત રાખવી હશે તો આપણે ઇતિહાસબોધની અવગણના કરી શકીએ નહિ, એ વાત દર્શાવવા રઘુવીરભાઈએ 'સોમતીર્થ' લખી છે. હકીકતે આપણા નેતાઓએ આ પચાસ વર્ષમાં પ્રજાને એક વાત પાકે પાયે શીખવવી જરૂરી હતી અને તે એ કે રાષ્ટ્રથી મોટું મંદિર અને બંધારણથી પવિત્ર મસ્જિદ હોઈ જ ન શકે. સંકીર્ણતા તો સાંપ્રદાયિકતામાં છે, ધર્મ ઝઘડાવતો - વિખૂટા પાડતો નથી, ધારણ કરે છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે સંપ્રદાયથી મોટી વસ્તુ ધર્મ છે અને ધર્મથી મોટી વસ્તુ આધ્યાત્મિકતા છે. પશ્ચિમી પ્રજાનો દૃષ્ટિકોણ ભૌતિકવાદી (materialistic) છે, ભારતીય પ્રજાનો દૃષ્ટિકોણ તો ગઈકાલ સુધી આધ્યાત્મિક (spiritual) હતો, આજે એમાં કેમ શંકા જાગે છે ? સદાશિવ જેવા પાત્રના વિભાવન અને આલેખન વડે આ વાતનું સ્પષ્ટીકરણ લેખકે કર્યું છે. કળાની દૃષ્ટિએ એમાં કેટલીક ખામીઓ રહી ગઈ છે એ જુદી વાત છે. પણ જે વિષયવસ્તુ ઉપર અગાઉ મુનશી, ધૂમકેતુ, મડિયા, યશોધર મહેતા, ચુનીલાલ વર્ધમાન શાહ, અને અન્ય કેટલાક ગુજરાતી નવલકથાકારો લખી ચૂક્યા હતા એ જ વિષયવસ્તુ ઉપર એક વધુ નવલકથા લખવાની ચેષ્ટા નવું અર્થઘટન અને દર્શન આપવાની ઇચ્છાથી લેખકે કરી છે. એની પ્રાસંગિકતા અને પ્રસ્તુતા નિઃશંક છે. એના સર્જનમાં લેખકની આપણાં રાષ્ટ્ર અને સંસ્કૃતિ પ્રત્યેની નિસબત અને ખેવનાનાં દર્શન થાય છે.

ભગવતીકુમાર શર્માની બે કથાઓ 'સમયદ્વીપ' (૧૯૭૫) અને 'અસૂર્યલોક' (૧૯૮૭) પણ આ દૃષ્ટિએ ધ્યાનપાત્ર છે. આપણો દેશ ગામડાઓ અને નગરોનો બનેલો છે. બંને જગ્યાએ


© 2024 અઝીઝ ઈબ્રાહીમ છરેચા. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND). https://creativecommons.org/licenses/by/4.0/

સમય થીજી ગયેલો જણાય છે. ગામડાંમાં ગતિસંચારને અભાવે એમ લાગે છે. નગરોમાં અતિ ઝડપને કારણે ગતિસંચારનો અનુભવ થતો નથી. એ બંને વચ્ચે અટવાતો- અથડાતો આજનો ભારતીય યુવક દ્વિધાના દીપ ઉપર ઊભો હોય તેવી સ્થિતિ છે. કેમ કે નથી એ પૂરો ગામડાનો રહી શકતો. નથી પૂરો નગરનો થઈ શકતો. આજના ભારતીય યુવકની જે વૈયક્તિક અને સાંસ્કૃતિક કટોકટી છે તેને મૂર્ત કરવા લેખકે જે કથા લખી તે 'સમયદ્વીપ'. સૂરા નામના નાનકડા ગામડાના મહાદેવ મંદિરના પૂજારીનો પુત્ર નીલકંઠ ગામડું છોડી કમાવા અર્થે મુંબઈ જેવા મહાનગરમાં ગયો છે, ત્યાં મુંબઈમાં જ જન્મેલી અને ઉછરેલી અતિ આધુનિક અબ્રાહ્મણ યુવતી સાથે પ્રેમલગ્નથી જોડાયો છે, એડવર્ટાઈઝિંગ ફર્મમાં નોકરી કરે છે, એના ખાનપાન-રહનસહન પોષાક -પરિધાનમાં વિચાર, ઉચ્ચાર અને આચારમાં આમૂલ પરિવર્તન આવી ગયું છે. પણ ગામોની જે ધરતીની ધૂળમાં એ ધાર્મિક કુટુંબમાં રૂઢિવાદી પરિવેશમાં ઊછર્યો છે. ત્યાંના સંસ્કાર તેની અસલી ધાતુને ભૂલવા દેતા નથી. પ્રત્યેક શિવરાત્રિએ વતનમાં કુટુંબીઓ પાસે જનાર એ યુવક પોતાના ગામડિયો રૂઢિચુસ્ત કુટુંબીઓ અને અત્યાધુનિક પત્નીનો વિચાર કરી ત્રણ વર્ષ સુધી વતનમાં જતો નથી, પણ પછી હિંમત કરીને જ્યારે ગયો ત્યારે કુટુંબીઓ દ્વારા પત્નીની અવમાનના અને પત્ની દ્વારા કુટુંબીઓના અપમાનને કારણે, બંનેના સંસ્કાર, મૂલ્યો, આસ્થાઓ અને આચારવિચારની ભિન્નતાને કારણે ભારે મૂંઝવણમાં મુકાઈ જાય છે. પત્ની એને છોડીને અને એનાં કુટુંબીઓને તરછોડીને એના જીવનમાંથી ચાલી જાય છે ત્યારે એની સ્થિતિ ત્રિશંકુ જેવી થઈ રહે છે. જેનાં જીવનમૂલ્યો અને આધુનિક જીવનમૂલ્યો, ગામડાની પરંપરાગત જીવનપદ્ધતિ અને મહાનગરની આધુનિક જીવનપદ્ધતિ વચ્ચે આજનો ભારતીય યુવક જે રીતે રહેસાયા કરે છે તેની વ્યથાને લેખકે આમાં વાચા આપી છે. ભારતીય પ્રજાની આધુનિકતા આવી મથામણ યુક્ત છે, પરંપરા સાથેનો સમૂળગો વિચ્છેદ અહીં શક્ય નથી એ વાતનું લેખકે ધ્વનન કર્યું છે. મહાશિવરાત્રિએ રેશમી મુગટ પહેરી આરતી ઉતારવા લાલાયિત રહેતો નીલકંઠ અને આરતીની શક લેવાને બદલે એને ફૂંક મારીને ઓલવી નાખવા મથતી નીરાનાં પાત્રો દ્વારા આ સમસ્યાનું સાંકેતિક રીતે નિરૂપણ થયું છે. પાગલ પતિ પાછળ આખું આયખું ખર્ચી નાખતી જેઠાણીના પાત્ર સામે પતિ અને તેન કુટુંબની આસ્થા અને આરતીનો અનાદર કરતી નીરાના પાત્ર દ્વારા એક આખી જીવનશૈલી અને સંસ્કૃતિનો ઈન્કાર (Negation) વ્યક્ત થાય છે. ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ પરના સંકટની સમસ્યાને ઉજાગર કરતી આ રચના 'રેડ સિગ્નલ' સમાન છે.

'અસૂર્યલોક' (૧૯૮૭) માં લેખકે એક બ્રાહ્મણ પરિવારની ચાર પૈકીની બે પેઢીની કથા વિગતે આલેખી છે. એ બે પેઢી જ્ઞાનમાં અને ભાગીરથીમાં નેત્રદીપ નિહાળતા નિગમશંકર અને આંખના અમી ગમે ત્યારે સુકાઈ જાય એવી પરિસ્થિતિમાંય વાંચન અને વાંચનાલય વિકસાવવાની પ્રવૃત્તિ કર્યા કરતા એમના પુત્ર તિલકની છે. આ બંનેની આંખોના દીવા રાણા થતાં એમના જીવનમાં અંધકાર છવાય છે એટલે અસૂર્યલોક છે. પણ એમની આજુબાજુ સ્થાપિત હિતોવાળા ધનલાલચુ અજ્ઞાનીઓની જે સૃષ્ટિ છે એ ખરો અસૂર્યલોક છે. આવા અજ્ઞાનના અંધાપા સામે જ્ઞાનનો સૂર્યલોક પ્રગટ કરવાના ઇરાદે લખાયેલી આ નવલકથા છે. ભારતીય સંસ્કૃતિના વારસા અને વૈભવની સંપદા લઈને, જે મૂલ્યોથી આ સંસ્કૃતિ ટકી છે તેનો પરિચય કરાવતી આ રચના પણ આ વિષયની વાત કરતાં તેના વિશે થોડા શબ્દો કહેવા આપણને આકર્ષે એવી છે.

ધ્રુવ ભટ્ટની 'સમુદ્રાન્તિકે' (૧૯૯૨) અને અશોકપુરી ગોસ્વામીની 'કૂવો ' ને નિજવાદ (nalivism) ની સંદર્ભમાં જોવું જોઈએ. સૌરાષ્ટ્ર વિસ્તારનું જૂનું નામ કાઠિયાવાડ, કાઠી, કોળી, કણબી, કારડિયા, રજપૂત, જત, મતવા, મિયાણા, સિપાહી, ખવાસ, ખત્રી જેવાં કાંટિયાવરણની વસતીને કારણે તેનું આવું નામ હતું. લાંબો દરિયાકિનારો, ગીરનાર જેવો પર્વત અને ગીરના જેવું જંગલ ધરાવતાં એ મુલકમાં પશુપંખી, વૃક્ષવનરાજી વચ્ચે સાદું, સરલ, નિર્દંભ અને નિખાલસ જીવન જીવતી પ્રજા હતી. જતિ-સતી-વીર બહારવટિયા-સંત સાંઈના એ મુલકમા એ કાંટિયુવરા લોકસંસ્કૃતિના કેટલાંય સંસ્કારો અને મૂલ્યો ધરાવતુ હતું, હવે જાણે કે એ સંસ્કૃતિ વિદાય લઈ રહી હોય એમ લાગે છે. ત્યાં છેલ્લાં થોડાં વર્ષોથી 'હુન્નરખાન (technology)ની ચડાઈ થઈ રહી છે. કંપનીઓના સિમેન્ટ, કેમિકલ્સ વગેરેના પ્લાન્ટ સ્થપાતા જાય છે. યંત્રોદ્યોગી આધુનિક સભ્યતાના આ આક્રમણથી દરિયાવ દિલ અને ગુલસંપત્તિ ધરાવતી ત્યાંની પ્રજાના જીવનમાં જે પરિવર્તન આવી રહ્યું છે તેને લક્ષ્ય કરીને ધ્રુવ ભટ્ટે 'સમુદ્રાન્તિકે' લખી છે. સમુદ્ર કિનારાની નજીકમાં કેમિકલ ઝોન ખડો કરવાની શક્યતા તપાસીને તેનો અહેવાલ તૈયાર કરવા શહેરમાંથી આવનાર એના નાયકની સંવેદનમૂલક પ્રતિભાવકથા એમાં આલેખાઈ છે. રાસાયણિક ઉદ્યોગ સ્થપાતાં ત્યાંના કુદરતી પરિવેશને અને આવા પરિવેશમાં અસલી તળપદું જીવન જીવતાં અને જૂનાં જીવનમૂલ્યો અને સંસ્કારોને સાચવીને બેઠેલી ત્યાંની પ્રજાને, ત્યાંનાં પશુપંખી અને પર્યાવરણને કેવું નુકસાન થશે એનાથી સભાન એનો નાયક એ વિસ્તારને એની સમગ્રતામાં નજીકથી નિહાળે છે ત્યારે એની સમૃદ્ધ ચેતના જે


© 2024 અઝીઝ ઈબ્રાહીમ છરેચા. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND). https://creativecommons.org/licenses/by/4.0/

પ્રતિસ્પંદન જગાડે છે તેનું તેમાં નિર્વ્યાજ સુંદર નિરૂપણ છે. સ્વાર્થ માટે જીવતી ભદ્રસંસ્કૃતિ સામે પરમાર્થ માટે જીવતી લોકસંસ્કૃતિનો જે અનોખો અનુભવ અને પ્રાપ્ત થાય છે તે એને સુખદુ:ખ, ભાવઅભાવ, દુવિધાસુવિધા, સમતાવિષમતા વિશેના ખ્યાલોના નવા અર્થ સંપડાયે છે. સમુદ્રના સામીપ્યનું અને સાન્નિધ્યનું એની જીવનનો મર્મ પામતા મનુષ્યની આ કથામાં ભારતીયતાનાં અનેક અંશો ઝીલાયા છે. એના લેખનમાં જે સહજતા, સચ્ચાઈ, સાદાઈ અને જીવન સાથેની નિકટતા છે એ એક બાજુથી ભારતીય નવલકથાનો નિર્દેશ કરનારી અને બીજી બાજુથી એતદ્ દેશીય નિજત્વનો સંકેત કરનારી ઘટના છે.

અશોકપુરી ગોસ્વામીની પહેલી નવલકથા તો હતી 'મૂળ' (૧૯૯૦) એમાં નિઃસંતાન દમ્પતીની વેદના-સંવેદનાનું વસ્તુ લઈને એમણે વાત ઊડી કરી હતી. વેલાનો વિસ્તાર મૂળ વિના ક્યાંથી ? આ મૂળને ઓળખવાની મથામણ અનુઆધુનિકતાવાદી વલણનો નિર્દેશ કરે છે. ‘કૂવો (૧૯૯૩)માં માથાભારે લોઠકા ગામમુખી અને એના મળતિયાઓ સામે માથું ઊંચકી અસાધારણ સૂઝ, હિંમત અને સાહસ દાખવી ખેતરમાના કંકાસિયા કૂવાને બીજી બાજુમાં નવો કૂવો ગળાવતી ગ્રામનારીના સંઘર્ષ અને વિજયની કથા છે. પોતે તો ત્રાસ, જુલમ અને અન્યાય વેઠથી પણ એ પોતાના સંતાનને વેઠવા ન પડે એ માટે જીવ ઉપર આવી લડતી માની એ કથા છે. એ લડે છે. અસત અને દુરિત તત્ત્વી દ્વારા થતાં અન્યાય અને અધર્મ સામે સતતત્ત્વ અને ન્યાયધર્મની સ્થાપના માટે. આપણા સમાજમાં ઉચ્ચાવચ્ચ ક્રમ ધરાવતી વર્ણ અને વર્ગવ્યવસ્થા છે. સંઘર્ષની ભૂમિકા એમાં છે. દેશના અસંખ્ય ગામડાંઓમાં સત્તાધારી મુખી અને સરપંચો એમની મેલી મુરાદો પાર પાડવા ગંદી હીન રાજકારણી રમતો વડે સરળ ભોળી પ્રજાનું સામાજિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ શોષણ કરતા હોય છે અને કંકાસને ભોળી પ્રજા મુંગા મોંએ પીડા અને યાતના રૂપે ભોગવતી હોય છે. એ ઘટનામાંથી કથાબીજ ઉપાડીને લેખકે જે રીતે આ કથામાં કળારૂપ આપ્યું છે એમાં વગવસીલો ધરાવતા વર્ગે ઊભા કરેલાં કૃત્રક મૂલ્યોને બતાવી દેવાની અને એની સામે ન્યાયધર્મ પર આધારિત નવાં સમાજમૂલ્ય નિર્મવાની વાતનું ધ્વનન છે. ‘કૂવા’નું સબળ પ્રતીક મળી આવતાં તેઓ આખી વાતને અસલ તળપદી ભૂમિકાએ રાખીને પણ કળાત્મક રીતે ઉજાગર કરી શક્યા છે. કથાના કેન્દ્રમાં દુરિતના મુકાબલાનો અને ન્યાયધર્મની સંસ્થાપનો મુદ્દો હોવાથી એમાં ભારતીય દ્રષ્ટિનો સંદર્ભ ભળ્યો છે. સમુદ્રાન્તિકે’ અને ‘કૂવો' આ બંને નવલકથાઓમાં આ રીતે આપણો નિજી સંદર્ભ લઈને કથાલેખન થયું છે. બંને લેખકોના દૃષ્ટિકોણમાં આપણાં અસલી મૂળનો, દેશીવાદનો સંદર્ભ અનુસૂત છે. ‘સમુદ્રાન્તિકે'ના લેખક નગરના કારખાનામાંથી આવે છે અને ‘કૂવા’ના લેખક ગામડાના ખેતરમાંથી આવે છે છતાં બંનેમાં આ દ્રષ્ટિસંદર્ભ એક છે એ હકીકત લક્ષ કરવા જેવી છે.

૧૯મી સદીના ચોથા દાયકાથી ગુજરાતમાં જે સાંસ્કૃતિક પરિવર્તન આવ્યું તેની સાથે દલિત સમાજમાં આવેલા પલટાનું ચિત્ર આપવું તથા ઝડપથી આથમી રહેલી દલિત સંસ્કૃતિની સામાજિકતાની વાત વિસારે પડે એ પહેલાં એમાં રહેલી સત્ત્વશીલતાનો પુરસ્કાર કરવો એવા બે આશયોથી લખાયેલી જૉસેફ મેકવાનની ‘આગળિયાત’ (૧૯૮૬) નવલકથા હજુ પણ આપણા સમાજમાં દલિત સમાજ આંગળિયાત જેવી જ રહ્યો છે એ કરુણ વાતનો ધ્વનિ વ્યક્ત કરે છે. સદીઓથી આ દેશમાં ઉજળિયાતો અંત્યો તરફ ધૃણાભાવ દાખવતા આવ્યા છે. અંત્યજો પર જુલમો કરતા અને સીતમો ગુજારતા સવર્ણો જ અંત્યજ સમાજ માટેના અગ્રેષ્ઠ છે. એ ગૌરા પરદેશી લોકો નથી, કાળા સ્વદેશી લોકો જ છે. બ્રિટનથી આવેલા જુલ્મી ગૌરા અંગ્રેજોને તો આપણે તગેડી મુકી શક્યા પણ આ કાળા અંગ્રેજોને ક્યાં તગેડીશું? એવો પ્રશ્નાર્થ ઊભો કરતી ચિનુ મોદીની ‘કાળો અંગ્રેજ' (૧૯૯૨)માં આપણા રાષ્ટ્રની એક દુખતી રગ ઉપર આંગળી મુકાયેલી છે. અસ્પૃશ્યતા ભારતીય સમાજનું મોટું કલંક છે. ભારતીય પ્રજાના ચારિત્ર્યનું એ અપલક્ષણ છે. ગાંધીયુગની પ્રજામાં એના વિશે જાગૃતિ અને સમભાવ આવ્યો હતો, પણ નવમા અને દસમા દાયકાના દલિત અને ઉજળિયાત વર્ગના લેખકો એક સરખા ભાવથી આ સમસ્યાને નિહાળી એને કથારૂપ આપવા પ્રવૃત્ત થયા છે એ રાષ્ટ્રીય હિતની દષ્ટિએ ધ્યાનાર્હ ઘટના છે.એ રીતે જોતાં ગુજરાતી અનેક નવલકથામાં આપણને ભારતીયતા ડોકાતી મળશે,વાત છે આપણી દ્રષ્ટિની. ભારતમાં વસતો નાગરિક જો આવી ભારતીયતા પોતાના જીવનમાં સમરસ કરે તો પછી ભલે ને તે વિદેશમાં વસતો હશે.. છતાં તે ભારતીય છે..અને સ્વયંમાં ભારતીયતાનો જો અભાવ હોય અને ભારતમાં વસતો હોય તો પણ તે અભારતીય જ છે..ખરુંને!

## CONCLUSION

કુટુંબભાવના, ઈશ્વર શ્રદ્ધા,સંઘર્ષો વચ્ચે ટકાવી રાખતી જીજીવિષા,સંસ્કાર અને મૂલ્યના જતન માટે સર્વસ્વ હોમવું,વતન પરત્વેનો તલસાટ ,ચારિત્ર્ય પ્રત્યે સજાક એવા કેટલાય મુદ્દા વિશે ભારતીયતાના સંદર્ભે વાત વિસ્તારથી માંડી શકાય.પણ આ ઉપરોક્ત નવલકથાઓના અભ્યાસથી એક વાત તારવી શકાય કે ભારતીયતા એ કેવળ ભૂમિના કોઈ ટુકડા પૂરતી સીમિત નથી


© 2024 અઝીઝ ઈબ્રાહીમ છરેચા. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND). https://creativecommons.org/licenses/by/4.0/

હોતી.પણ એ તો ચિત્તની વ્યાપકતા જેટલી ભવ્ય હોય છે.જરૂર છે એને સમજવા અને આત્મસાત કરવાની.

## REFERENCES


૧. ગોસ્વામી અશોકપુરી 'મૂળ' અને 'કૂવો'.આર.આર.શેઠ પ્રકાશન(પ્ર. આ.૨૦૧૭)

૨. ચૌધરી રઘુવીર. 'સોમતીર્થ' અને 'ઈચ્છાવર'. રન્નાદે પ્રકાશન(પ્ર. આ.૨૦૧૫)

૩. શર્મા ભગવતીકુમાર.'અસૂર્યલોક'. ગૂર્જર પ્રકાશન(પ્ર.આ.૨૦૧૩)

૪. ભટ્ટ ધ્રુવ.'સમુદ્રાંતિકે' ગુર્જર પ્રકાશન(પ્ર.આ.૨૦૧૬)

૫. શબ્દસૃષ્ટિ (ગુજરાત સાહિત્ય અકાદમી) અંક: ઓગસ્ટ - સપ્ટેમ્બર: વર્ષ: ૧૯૯૮



**Creative Commons (CC) License**

This article is an open access article distributed under the terms and conditions of the Creative Commons Attribution (CC BY 4.0) license. This license permits unrestricted use, distribution, and reproduction in any medium, provided the original author and source are credited.




© 2024 અઝીઝ ઈબ્રાહીમ છરેચા. This is an open access article distributed under the terms of the Creative Commons Attribution 4.0 International License (CC BY NC ND). https://creativecommons.org/licenses/by/4.0/